નં.જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/
સીઆઈઆર/પીઓએલ/૭૭/ ૨૧
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ગાંધીનગર.
તા.૨૮-૦૫-૨૦૧૦.

//પરિપત્ર//

**વિષયઃ– નિગમની વસાહતોમાં મિલકતોની હરાજી વખતે પાયાની કિંમત નક્કી કરવા બાબત**

સંદર્ભઃ–(૧) નિગમના પરિપત્ર ક્રમાક.ઓએન્ડએમ/એચએન્ડએ/પાર્ટ/૨/૩૧/૫૨૮–૯૫ તા.૦૧–૦૨–૧૯૯૫.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૧૬ તા.૧૯–૧૦–૨૦૦૬.

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

નિગમની પુર્ણ વિકસિત વસાહતોમાં ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ / શેડ, વાણિજિયક મિલકતો, રહેણાક મકાનોની તથા નિગમની તમામ વસાહતોમાં ઉપ્લબ્ધ વાણિજય પ્લોટ /મિલકતની ફાળવણી હરાજીથી કરવા અંગેની નીતિ પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/એચએન્ડએ/ પાર્ટ–૨–૩૧–૫૨૮–૯૫ તા.૦૧–૦૨–૧૯૯૫ તથા પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૬ તા.૧૯–૧૦–૨૦૦૬ થી નીતિ વિષયક સુચનાઓ જારી કરવામાં આવેલ. આમ, હરાજીમાં મુકવા માટેની મિલકતો માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે હરાજીની પાયાની કિંમત જે તે વસાહતના પ્રવર્તમાન વિતરણ દર તે પાયાની કિંમત તરીકે રાખવામાં આવે છે. છેલ્લે હરાજીમાં મુકવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ અને વાણિજય પ્લોટના ઘણાં કિસ્સામાં એક સરખી જ મિલકતનો વિતરણ દર ખુબજ ઉંચો અને કેટલાંક કિસ્સામાં તળીયાની કિંમત કરતાં નજીવો વધારો જોવા મળેલ છે. જેથી જરૂર જણાય ત્યાં તળીયાની કિંમતમાં ફેરફાર થઈ શકે તેવી જોગવાઈ રાખવી જરૂરી જણાયેલ છે.

આ સંજોગોમાં હરાજીમાં મુકવામાં આવતી નિગમની મિલકતોની મહત્તમ કિંમત ઉપજે અને હરાજીની પ્રક્રિયામાં પારદર્શકતા જળવાઈ રહે તે હેતુસર પાયાની કિંમત નક્કી કરવા સારૂ નિગમની તા.૦૭–૦૪–૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૮ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૫/વિતરણ/૪૪૮ ના ઠરાવ ક્રમાંક.૫૩/વિતરણ/૪૪૮/૨૦૧૦ મુજબ પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત અન્ય નીચે દર્શાવેલ પરીબળોને ધ્યાનને લઈ પાયાની કિંમત નક્કી કરવાનુ વ્યાજબી જણાયેલ છે.

(૧) હરાજીમાં મુકવાની થતી મિલકતોની સ્થળ સ્થિતી

(૨) જે તે વસાહતમા આ જ મિલકત / આ જ પ્રકારની મિલકત માટે અગાઉ હરાજીમા મળેલ ભાવ

(૩) જે તે વસાહતની ઉપલબ્ધ મિલકતની પ્રવર્તમાન બજાર કિંમત.

(૪) જે તે વસાહત તથા આજુ બાજુ ના વિસ્તાર માટે સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ જંત્રી કિંમત.

(પા છ વ)

TO
GENERAL MANAGER (ALT)
પરિપત્ર ફાઈલે. AM-2

આમ, ઉપરના પરીબળોને લક્ષે લઈ નિગમની વસાહતોમાં આવેલ મિલકતોને હરાજીથી ફાળવવા માટે પાયાની કિંમત નક્કી કરવા માટે પ્રવર્તમાન વિતરણ દર ના ૧૨૫% સુધીની કિંમત નક્કી કરવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. આથી ઔદ્યોગિક પ્લોટ/શેડ અને વાણિજય પ્રવૃતિ માટેની જમીન/મિલકતની જાહેર હરાજીથી ફાળવણી કરવાની દરખાસ્ત જાહેરાત પ્રસિધ્ધ કરતા પૂર્વે નિગમના પ્રવર્તમાન નિયમોનુસાર વડી કચેરીએ મોકલવાની રહેશે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી(વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/—
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....

<u>નકલ રવાના.</u>

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જણાવવા સારૂ.

રવાના કર્યુ.

કાર્યપાલક નિયામક (ઈએન્ડઓ)